RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૯૦ તા.૨૫–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજુભાઈ છોટાલાલ ઠક્કર
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજુભાઈ છોટાલાલ ઠક્કરની તા. ૧૭–૧૨–૧૧ની અરજીથી સુરત શહેરમાં ગરીબો અને બેઘર લોકો માટે સુરત મહાનગરપાલિકા તરફથી રેનબસેરાની વ્યવસ્થા માટે અને સુપ્રિમ કોર્ટના આદેશ માટે નીચે મુજબની માહિતી આપવા બાબત મુદ્દા નં.(૧) સુરત શહેરમાં કયા ઝોનમાં અને કઈ જગ્યાએ કઈ તારીખથી રેનબસેરા શરૂ કરવામાં આવેલ છે તેની માહિતી આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૯૦/૨૦૧૧–૧૨

શ્રી રાજુભાઈ છોટાલાલ ઠક્કરની તા. ૧૭–૧૨–૧૧ની અરજીથી સુરત શહેરમાં ગરીબો અને બેઘર લોકો માટે સુરત મહાનગરપાલિકા તરફથી રેનબસેરાની વ્યવસ્થા માટે અને સુપ્રિમ કોર્ટના આદેશ માટે નીચે મુજબની માહિતી આપવા બાબત મુદ્દા નં.(૧) સુરત શહેરમાં કયા ઝોનમાં અને કઈ જગ્યાએ કઈ તારીખથી રેનબસેરા શરૂ કરવામાં આવેલ છે તેની માહિતી આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે મળેલ માહિતી અધુરી અને ઘણીખરી ખોટી આપી તથા ઉધના તેમજ લીંબાયત ઝોનમાંથી માહિતી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન અને ડે.કમિ.(પી.એન્ડ.ડી) સિવાયના તમામ જાહેર માહિતી અધિકારીઓને સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈનના મુદ્દા અંગે તથા લીંબાયતઝોન અને ડે.કમિ.(પી.એન્ડ.ડી)ને સઘળી બાબતે દફતરી વિગત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૮૨ તા.૬–૨–૧૨ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી અંગે મુદ્દાવાર–જાહેર માહિતી અધિકારીવાર તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૫૨ તા.૧૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૭૫૨ તા.૧૯–૧૨–૧૧ થી તમામઝોન તથા ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, ગુજરાતમિત્રનું તા.૧૩–૧૨–૧૧ ના રેન બસેરાનું દૈનિક

પત્રના સમાચારના કટીંગની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટઆઈ/૭૫૨ તા.૧૧–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૫૬૭ તા.૧૫–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, તા.૧૩ ડીસેમ્બર નું ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ ના પેપરના કટીંગની નકલ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૭૪ તા.૨૯–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં. ૧૧૦૪ તા.૪–૧–૧૨ ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૩૯૬ તા.૧૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની ૧૩ ડીસેમ્બર ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણના પેપર કટીંગની નકલ, નાઈટ શેલ્ટરના અંદાજ તથા ટેન્ડરના પત્રકની નકલ, એનક્ષર–૨ ની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. સી.ઝેડ/ આરટીઆઈ/આ.નં.૧૯૪૮ તા.૭–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૮૨૪૫ તા.૨૩–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ ,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૧૬૧ તા.૧૭–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં. ૧૧૦૨ તા.૨૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૭૫ તા.૨૭–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૬૦૬ તા.૨૨–૨–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી તમામઝોનને તબદીલ કરેલ પત્ર નં.ટીપીડી/આ.નં.૪૭૪ તા.૨૯–૧૨–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ તથા સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા.૧૦–૨–૧૨ થી ભરેલ નમુના–જ અપીલનું ફોર્મની નકલ, તા.૧૦–૨–૧૨ નો પૂરક પત્ર , મુળ અરજીની નકલ, તમામઝોને આપેલ માહિતીના પત્રની નકલ, દિવ્ય ભાસ્કરના તા.૩૧–૧–૧૨ ના દૈનિકપત્રના કટીંગનીનકલ તથા ગુજરાત તા.૧૩–૧૨ –૧૧ ના દૈનિક પત્રની નકલ તથા ગુજરાત મિત્રના તા.૧૦–૧–૧૨ ના દૈનિક પત્રના કટીંગની નકલ તથા ગુજરાત સમાચારના તા.૩૦–૧–૧૨ ના દૈનિક પત્રના કટીંગની નકલ, સુમપાની પીઆરઓ/૬૧૧–૧૨ તા.૨૭–૧–૧૨ ના સુમપાની જાહેરાતની નકલ, સંદેશના તા.૧૪–૭–૦૭ દૈનિક પત્રની ફોટો કોપીની નકલ, તા.૨૧–૪–૦૭ ના પ્રતાપ દૈનિક પત્રની પેપર કટીંગની નકલ, ધબકારના તા.૧૪–૭–૦૭ ના દૈનિક પત્રની નકલ, દિવ્ય ભાસ્કરના તા.૨૫–૧–૧૨ ના દૈનિક પત્રની નકલ રેન બસ ેરાના સમાચારો ટાંકીને રજૂ કરેલ છે તથા ટાઉન પ્લાનીંગ તરફથી અરજદારને તા.૨–૨–૧૧ ના પત્ર સંદર્ભે આપેલ પ્રત્યુત્તર ટીપીડી/આ.નં.૬૨૭૬ તા.૭–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૭–૧૨–૧૧ ની અરજી જાહેર માહિતી અધિકારી કમિ.શ્રીને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૫૨ તા.૧૯–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં તમામઝોનના કાર્યપાલક ઈજનેર તથા ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૪૭૪ તા.૨૯–૧૨–૧૧ થી સમય અવધિ બાદ તમામઝોનના કાર્યપાલક ઈજનેરને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ અને જેમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી તમામઝોનને માહિતી તબદીલ કરવામાં આવેલ છે તથા મુદ્દા નં.૬ અંગે માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૭૫ તા.૨૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૧૦૪ તા.૪–૧–૧૨ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૯૪૮ તા.૭–૧–૧૨ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૭૫૨ તા.૧૧–૧–૧૨ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૧૬૧ તા.૧૭–૧–૧૨ થી નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૯૩ તા.૨૩–૧–૧૨ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૨૫૫ તા.૬–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ.

મુદ્દા નં.(૧) સુરત શહેરમાં કયા ઝોનમાં અને કઈ જગ્યાએ કઈ તારીખથી રેનબસેરા શરૂ કરવામાં આવેલ છે તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી સુરત શહેરમાં પશ્ચિમઝોન (રાંદેર) માં હજુ સુધી રેન બસેરા શરૂ કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અઠવાઝોન વિભાગમાં હાલમાં (૧) અલથાણ વેજીટેબલ માર્કેટ, અલથાણ (૨) અલથાણ ટેનામેન્ટ

ભટાર ચાર રસ્તા મેઈન રોડ, ઉધના મગદલ્લા રોડ (૩) લેકવ્યુ ગાર્ડનની પાછળ, હવપતિવાસ પીપલોદ તથા (૪) અઠવા ફલાય ઓવર બ્રીજ નીચે રેલ્વે રીઝર્વેશન ઓફિસની ઉપર મળી કુલ (ચાર) રેન બસેરાના કામ પૂર્ણ થયેલ છે. સદર આ રેન બસેરા ચલાવવા માટેનો ઈજારો આપવાનો કામગીરી પ્રગતિ હેઠળ છે. તેમજ કાપડીયા હેલ્થ રોડ પર ન્યુ સીવીલ હોસ્પિટલની દિવાલને લાગુ પે એન્ડ યુઝ ટોયલેટ અને રેન બસેરા બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનમાં પ જગ્યાએ નીચે જણાવેલ તારીખોએ રેન બસેરા શરૂ કરવામાં આવેલ છે. (૧) રંગ ઉપવન ચોક બજાર સપ્ટે–૨૦૧૧ (૨) મિલેનિયમ ટેક્ષ. માર્કેટ પાસે, સપ્ટે–૨૦૧૧ (૩) વાઘરીવાડ સલાબતપુરા –ડીસે.–૨૦૧૧ (૪) દિલ્હીગેટ ઉનાપાણી રોડ પેટ્રોલપંપ પાસે, તા.૨૪–૧૦–૧૧ (૫) સુરજ સીનેમા બેગમપુરા, ડીસે. ૨૦૧૧ . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી વરાછાઝોનમાં રેન બસેરાના બાંધકામ ફકત પૂર્ણ થયેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી (૧) પટેલવાડી પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના પ્રથમ માળે તા.૨–૧૧–૧૧ (૨) આંબાતલાવડી પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના પ્રથમ માળે તા.૨૦–૧૧–૧૧ રેન બસેરા શરૂ કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સુરત શહેરમાં ઉધનાઝોનમાં ઉધના–નવસારી રોડ પર વાહન ડેપોની બાજુમાં પે એન્ડ યુઝમાં ટોયલેટ બ્લોકના ધાબા પર રેનબસેરા તા.૨૨–૧૧–૧૧ થી શરૂ કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી લીંબાયતમાં સહારા દરવાજા પાસે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની ઉપર રેન બસેરા બનાવવામાં આવેલ છે. સદર રેન બસેરાના સંચાલન માટે ઈજારદાર શ્રી અખિલ ભારતીય પર્યાવરણ એકમ ગ્રામીણ વિકાસ સંસ્થાનું કામ મંજુર થયેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૨) રેન બસેરા જે સ્થળ શરૂ કરેલ હોય તો તે સ્થળ ઉપર ઈ.ચા અધિકારીનાનામ સરનામા અને કોન્ટેકટ નંબર આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી રેન બસેરા હજુ સઘી શરૂ કરેલ ન હોય ઈ.ચા. અધિકારી નિમવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અઠવાઝોનની માહિતી "નીલ" છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી રંગ ઉપવન શ્રી એચ.એસ.રાજ સે.ઝોન ૯૮૭૯૪૦૨૭૦૧, મિલેનીયમ માર્કેટ શ્રી પી.બી. ભોયા , સે.ઝોન ૯૪૨૬૮૯૨૬૨૭, સલાબતપુરા શ્રી પી.બી.ભોયા સે.ઝોન ૯૪૨૬૮૯૨૬૨૭, દિલ્હીગેટ શ્રી પી.ટી.ટેલર સે.ઝોન ૯૪૨૯૦૧૪૦૮૮, સુરજ સીનેમા શ્રી એમ. કે. ખેરડીયા , સે.ઝોન ૯૯૦૯૬૬૨૮૫૧. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી જાહેર જનતા માટે રેન બસેરા શરૂ થયેલ ન હોય ઈ.ચા. અધિકારીના નામ– સરનામા આપવાનો પ્રશ્ન હાલમાં રહેતો નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી રેન બસેરા જે સ્થળે શરૂ કરેલ તે સ્થળે સુરત મહાનગરપાલિકના કોઈ ઈ.ચા. અધિકારીની નિમણુંક કરેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી રેન બસેરા જે સ્થળે શરૂ કરેલ તેના ઈ.ચા. અધિકારીનું નામઃ નાયબ આરોગ્ય અધિકારીશ્રી દિનેશ પટેલ –૯૭૨૪૩૨૭૨૧૪ એસ.આઈ.આઈ. શ્રી નિર્મલ પટેલ,૯૯૯૮૫–૧૨૩૫૬ એસ.એસ.આઈ. શ્રી પી.એન. નૈયા ૯૭૨૪૩–૩૧૧૪૦. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સહારા દરવાજા રેન બસેરના સંચાલનની કામગીરી ઉપરોકત ઈજારાદાર શ્રીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદર રેન બસેરાનું સંચાલન સા.ઈ.ઝોન (લીંબાયત) ના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના દેખરેખ હેઠળ કરવામાં આવે છે. જેમનો મોબાઈલ નં.૯૭૨૪૩ ૪૫૪૬૯ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૩) રેન બસેરા અંગે કોઈ સંસ્થા સાથ સહકાર આપવા તૈયાર થઈ છે કે નહીં તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી રેન બસેરા અંગે સંસ્થા પાસે વાટાઘાટની પ્રક્રિયા ચાલુ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અઠવાઝોનની માહિતી "નીલ" છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી રેન બસેરાના કામે નીચે જણાવેલ સંસ્થાઓએ સુરત મહાનગરપાલિકાના નિયમોનુસાર સંચાલન અને નિભાવ કરવા માટે સહકાર આપેલ છે. રંગઉપવન, ચોકબજાર–સદગુરુ સેવા સંસ્થા, મિલેનિયમ ટેક્ષ. માર્કેટ પાસે, રાષ્ટ્રીય જનજાગૃતિ સેવાસંઘ , વાઘરીવાડ સલાબતપુરા– સુરભી સેનીટેશન એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન , દિલ્હીગેટ ઉનાપાણી રોડ પેટ્રોલપંપ પાસે, શાહ પબ્લીસીટી, સુરજ સીનેમા બેગમપુરા– અખિલ ભારતીય પર્યાવરણ એવમ ગ્રામિણ વિકાસ સંસ્થા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી વરાછાઝોનમાં રેન બસેરામાં સહકાર આપવા બાબતે કોઈ સંસ્થા રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી (૧) પટેલવાડી રેન બસેરા કતારગામ– અખિલ ભારતીય પર્યાવરણ એવમ ગ્રામીણ વિકાસ સંસ્થાન, ૨૩, મનમોહન સોસા. વિ–૧ , ત્રિકમનગર પાસે, લંબે હનુમાન રોડ, સુરત. (૨) આંબાતલાવડી, કતારગામ– અખિલ ભારતીય પર્યાવરણ એવમ ગ્રામીણ વિકાસ સંસ્થાન, ૨૩, મનમોહન સોસા. વિ–૧, ત્રિકમનગર પાસે, લંબે હનુમાન રોડ, સુરત સંસ્થાએ સાથ સહકાર આપેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી રેન બસેરા અંગે અખિલ ભારતીય પર્યાવરણ એવમ ગ્રામીણ વિકાસ સેવા સંસ્થાને સંચાલન અને નિભાવની કામગીરી સોંપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સહારા દરવાજા રેન બસેરાના સંચાલન કરવાની કામગીરી માટ. અખિલ ભારતીય પર્યાવરણ એકમ ગ્રામીણ વિકાસ સંસ્થાએ કામગીરી કરવા સહમતી દર્શાવેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૪) રેન બસેરા જો હાલમાં ચાલુ હોય તો તેમાં કયા પ્રકારની સગવડો ઉભી કરવામાં આવેલ છે. અને કેટલા વ્યકિતઓ તેનો લાભ લઈ રહયા છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી હાલમાં રેન બસેરા ચાલુ નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અઠવાઝોનની માહિતી "નીલ" છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ઉપરોકત તમામ રેન બસેરામાં પીવાના પાણી, લાઈટ, પંખા તેમજ માલ સામાન રાખવા માટે લોકરની સગવડ આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં રેન બસેરાના કોઈ વ્યકિતએ લાભ લીધેલ નથી. તેવા પ્રશ્ન બાબતે વરાછાઝોન ધ્વારા જાહેર જનતા માટે ચાલુ થયેલ નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામાઝોન તરફથી (૧) પટેલવાડી કતારગામ – ૨૫ પુરુષ તથા –૨૫ સ્ત્રીઓ માટે રહેવાની સગવડ–ટોયલેટ –૮ નંગ પુરુષો –ટોયલેટ–૭ નંગ સ્ત્રીઓ માટે યુરીનલ–૪ નંગ – બાથરૂમ–૧ નંગ પુરુષો માટે–બાથરૂમ–૧ નંગ સ્ત્રીઓ માટે –ટયુબ લાઈટ તથા સીલીંગ ફેનની સગવડ (૧) આંબા તલાવડી, કતારગામ –૨૫ પુરુષ માટે રહેવાની સગવડ,ટોયલેટ –૩ નંગ પુરુષો –ટોયલ ેટ–૩ નંગ સ્ત્રીઓ માટે યુરીનલ–૩ નંગ – બાથરૂમ–૧ નંગ પુરુષો માટે–બાથરૂમ–૧ નંગ સ્ત્રીઓ માટે –ટયુબ લાઈટ તથા સીલીંગ ફેનની સગવડ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી રેન બસેરામાં ચણતરની દિવાલ સહિતનું જી.આઈ.સીટ રૂક બનાવી લાઈટ પંખા અને પાણીની સગવડ આપેલ છે સદર રેન બસેરામાં કોઈ પણ વ્યકિતને લાભ લીધેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સહારા દરવાજા ખાતે બનાવવામાં આવેલ રેન બસેરા ખાતે કુલ ૨૦ (વીસ) વ્યકિતઓ માટે રહેવાની સગવડ છે તથા સદરહુ જગ્યાએ લાઈટ , પાણી ટોયલેટ તેમજ લોકરની સગવડ રાખવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૫) રેન બસેરાના પ્રોજેકટ માટે સુરત મહાનગરપાલિકાના અંદાજપત્રમાં કેટલી રકમ ફાળવવામાં આવેલ છે તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી રેન બસેરા પ્રોજેકટ માટે પશ્ચિમઝોન (રાંદેર) ના અંદાજપત્રમાં રૂા.૧૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી માંગેલ માહિતી મુજબ રેન બસેરાના પ્રોજેકટ માટે સુરત મહાનગરપાલિકાના અંદાજ પત્રમાં રૂા.૨૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથીસેન્ટ્રલઝોનમાં અંદાજપત્ર વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂા.૫/– લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી જેને સુધારેલ અંદજપત્રમાં વધારીને રૂા.૧૫/– લાખ કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી વરાછાઝોનમાં રેન બસેરાના કામ માટે ૨૦૧૧–૧૨ માં ૨૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી વર્ષ ૨૦૧૨–૧૩ માં નોર્થઝોન (કતારગામ) ખાતે રૂા.૭.૦૦ લાખનું પ્રોવિઝન રાખવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી રેન બસેરાના પ્રોજેકટ માટે અલગથી અંદાજપત્રમાં રકમ ફાળવવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી રેન બસેરાના પ્રોજેકટ માટે સા.ઈ.ઝોન લીંબાયતના વર્ષ ૨૦૧૧–૧૨ ના અંદાજપત્રમાં રૂા.૯.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૬) રેન બસેરા પ્રોજેકટ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારે કોઈ ગ્રાન્ટ મનપાને ફાળવી હોય તો તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી રેન બસેરા પ્રોજેકટ માટે રાજય સરકાર કે કેન્દ્ર સરકાર ધ્વારા પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં કોઈ ગ્રાંટ ફાળવવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી રેકર્ડ ઉપર માહિતી ઉપલબ્ધ નથી.તેવા પ્ર શ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી વિગત ઉપલબ્ધ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી રેન બસેરાના પ્રોજેકટ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારે ગ્રાન્ટ ફાળવેલ નથી. તેવા પ્ર શ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી રેન બસેરાના પ્રોજેકટ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારે સુરત મહાનગરપાલિકાને ગ્રાન્ટ ફાળવેલ નથી. તેવું જણાવેલ છે.

જે અંગે અરજદારે તા.૨૫–૧–૧૨ ના રોજ ૬ ઝોનમાંથી માહિતી મળેલ છે અને લીંબાયતઝોનમાંથી માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ. જેની સાથે તા.૨૪–૧–૧૨ ની અપીલ ફોર્મમાં લીંબાયત અને ઉધનાઝોનની માહિતી મળી નથી તેવી રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૯૩ તા.૨૩–૧–૧૨ થી સમય અવધિ બાદ તથા લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/૩૨૫૫ તા.૬–૨–૧૨ થી સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. તેમજ સુપ્રિમ કોર્ટની ગાઈ ડ લાઈન મુજબ કોઈ માહિતી મળી નથી તેવી રજૂઆત કરેલ છે જે બાબતે મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક તરફથી પત્ર નં.ટીપીડી/૪૭૪ તા. ૨૯–૧૨–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર તમામઝોનને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ પત્રમાં જણાવવામાં આવેલ છે કે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી કાર્યપાલક ઈજનેર તમામઝોનને તબદીલ કરવામાં આવેલ છે જયારે મુદ્દા નં.૬ અંગે સુરત શહેર વિસ્તારમાં તૈયાર થતા રેન બસેરા પ્રોજેકટ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારે કોઈ ગ્રાન્ટ સુમપાને ફાળવી નથી તેવું જણાવેલ છે. અરજદારે સુમપાને ગ્રાન્ટ ફાળવેલ છે તે કઈ તારીખથી ફાળવેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા

નં.૫ માં વર્ષ–૨૦૧૧–૧૨ અને બાબતે ફાળવેલ રકમની જોગવાઈ જણાવવામાં આવેલ છે અને રેન બસેરામાં લાભ લેનાર પાસે કોઈ ચાર્જ લેવાનો છે ટોયલેટ પીવાના પાણીનો ચાર્જ લેવાનો છે રેન બસેરાનો લાભ કેવા વ્યકિતઓ લઈ શકે? જેમાં મુદ્દા નં.૪ માં જાહેર માહિતી અધિકારી તરફથી રેન બસેરામાં કોઈ પણ વ્યકિતએ લાભ લીધેલ નથી તેવું જણાવેલ છે તથા મુદ્દા નં.૩ માં રેન બસેરા માટે કોઈ સંસ્થા સાથ સહકાર આપવા તૈયાર છે કે નહીં જે અંગે લાગત જાહેર માહિતી અધિકારી તરફથી સાથ સહકાર આપનાર સંસ્થાઓના નામ જણાવવામાં આવેલ છે. સેન્ટ્રલઝોન, લીબાંયતઝોનમાં આવેદન પત્રો અકસ્માત નિવારણ કેન્દ્ર મ્યુ. કમિ.શ્રીને આપેલ તેના રેન બસેરા પ્રોજેકટની માંગણી કરેલ તેની હકીકત આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદી રજૂઆત કરે છે. જયારે તા.૧૦–૨–૧૨ ના પૂરક પત્રના જ ફોર્મમાં તથા પૂરક પત્રમાં પણ માહિતી ખોટી અને અધૂરી આપેલ છે તેવી રજૂઆત કરેલ. પરંતુ તે અંગે અરજદારને પૂરક વિગતો અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે પૂરક વિગતના મુદ્દા નં.૧ માં કઈ તારીખથી રેન બસેરા શરૂ કરવામાં આવ્યા તે જણાવેલ નથી. જેમાં શરૂ થયેલ છે તેવા જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ છે જેમકે કતારગામઝોન, પટેલવાડી આંબાતલાવડી ખાતે તા.૨–૧૧–૧૧ થી રેન બસેરા શરૂ કરવામાં આવેલ છે. પૂરક વિગતના મુદ્દા નં. સેન્ટ્રલઝોન તરફથી ,૫ તા.૨૪–૧૦–૧૧ થી રેન બસેરા શરૂ કરવામાં આવેલ નથી. જયારે અન્ય જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દામાં બાંધકામ બાબતેની મુદ્દાની સ્થિતિ જણાવેલ છે. પૂરક વિગતના મુદ્દા નં.૩ માં ઈ.ચા. અધિકારીનું નામ સરનામું જણાવેલ નથી. જયાં આગળ રેન બસેરા શરૂ થયેલ છે તેવા સેન્ટ્રલઝોનમાં, ઉધનાઝોન, લીંબાયતઝોન વિ. તેમના નામ સરનામા જણાવેલ છે કતારગામઝોન તરફથી નિમણુંક કરવામાં આવેલ નથી તેવં જણાવેલ છે. અન્યએ શરૂ થયેલ નથી તેથી તેવો પ્રશ્ન રહેતો નથી તેવું જણાવેલ છે પૂરક વિગતનો મુદ્દા નં.૩ તેમના પત્ર નંબર, ટીપીડી/આ.નં.૧૨૭૬ ની નકલ ની માહિતી આપેલ નથી જે મુળ અરજીથી અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. પૂરક વિગતના મુદ્દા નં.૪ માં કેટલા વ્યકિતઓ તેના લાભ લઈ રહયા છે તેની માહિતી આપેલ નથી પરંતુ ૨૦ વ્યકિત લાભ લઈ શકે છે તેવી અરજદારે કરેલ રજૂઆત લીંબાયતઝોનની છે જે લીંબાયતઝોને સગવડ અંગેની માહિતી આપેલ છે . પરંતુ કેટલા વ્યકિતએ લાભ લીધો તે જાહેર જનતા માટે ખુલ્લું મુકાયેલ છે કે કેમ? તે અંગે કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી. જો જાહેર જનતા માટે ખુલ્લું મુકાયેલ હોય તો કેટલા વ્યકિતએ લાભ લીધો તેની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. અરજદારે વર્ષ ૨૦૧૧ –૧૨ માં લીબાંયતઝોનમાં સાડા નવ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે તે કઈ તારીખે લીંબાયતઝોનમાં જમા થયા તેવા પ્રશ્ન બાબતે કોઈ પણ બજેટમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવે તો તે નાણાકીય વર્ષના પ્રથમ દિવસેથી જમા થયેલ ગણાય અને તેમાં ખર્ચ કરી શકાય. આમ અરજદારે અપીલમાં જણાવેલ તેમજ પૂરક વિગતોમાં જણાવેલ વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ છે.

સિવાય કે લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૪ માં કેટલા માણસોએ લાભ લીધો છે તેની માહિતી આપેલ નથી જેથી જો જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવેલ હોય તો કેટલા માણસોએ લાભ લીધો છે તેની માહિતી પૂરી પાડવાની રહે તથા ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૬ માં સુમપાએ રેન બસેરા પ્રોજેકટમાં કેટલી રકમ ફાળવેલ છે તેની માહિતી પૂરી પડાયેલ નથી. પરંતુ ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપી) તરફથી એકત્રિત માહિતી ગ્રાન્ટ નહીં મળ્યાની પૂરી પાડેલ છે જ.

મુદ્દા નં.૪ અંગગે લીંબાયતઝોન ધ્વારા લાભાર્થીની માહિતી આપ્યાનું નહીં હોવાનું અરજદારે રજૂઆત કરેલ પરંતુ મુદ્દા નં.૧ માં જાહેર માહિતી અધિકારીએ ઈજારાદાર સંસ્થાનું કામ મંજુર થયાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨ માં સંસ્થાને વર્ક ઓર્ડર આપ્યાનું પણ જણાવેલ છે તે ધ્યાને લેતાં મુદ્દા નં.૪ માં લાભાર્થીની વિગત હોવાનું અનુમાનિત છે. જો લાભાર્થી ન હોય તો તે મુજબની માહિતી આપવાની રહે. અરજદારે અપીલ તબકકે રજૂ કરેલ વિગતોમાં મહાનગરપાલિકાની જાહેરાત નં.પીઆરઓ/૬૧૧ તા.૨૭–૧–૧૨ નું કટીંગ સામેલ કરેલ છે પરંતુ અપીલ તબકકે તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી બાબતે તેઓ પક્ષે વિશેષ કોઈ રજૂઆત કરેલ ન હોય તે અંગે કોઈ ટીકા ટીપ્પણી કરવામાં આવેલ નથી. પરંતુ અરજદારે મુળ માહિતી માંગણીની અરજીથી " રેન બસ ેરાના આયોજન માટે કઈ સંસ્થાઓએ કયારે અને કઈ તારીખે પત્રો લખેલા છે" તેની નકલની માંગણી કરેલ. પક્ષકાર ૮ પૈકીના એક પણ જાહેર માહિતી અધિકારીએ કોઈ માહિતી પૂરી પાડેલ નથી જે દફતરી વિગતે આપવા જોગ થાય.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૫–૧–૧૨ ધ્યાને લેતાં ૨૩–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ

પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ના અધિકારીના નામની તેમજ મુદ્દા નં.૪ની લીંબાયતઝોન તરફથી નહીં પૂરી પડાયેલ તથા અઠવાઝોન ધ્વારા નહીં પૂરી પાડેલ મુદ્દા નં.૧ ની કઈ તારીખથી શરૂ કરવામાં આવેલ છે તે અંગેની માહિતી તથા રેન બસેરાના પ્રોજેકટ માટે સાથ સહકાર માટે સંસ્થાઓએ આપેલ પત્રોની માહિતી દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અનુક્રમે સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તથા તમામ જાહેર માહિતી અધિકારીઓને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી રાજુભાઈ છોટાલાલ ઠકકર,